ગાંધીનગર સમાચાર



# જિલ્લાની ૨૩૬ શાળામાં ગુણોત્સવ યોજાયો





(તસવીર : દિપક જાની)

## ૬૭ શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકન થયું તો ૧૬૯ શાળામાં સ્વમૂલ્યાંકન રાજ્યના પોલીસ વડા સે. ૧૩માં ગુણોત્સવ માટે પહોંચ્યા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં આજે બીજા દિવસે ગુણોત્સવ દરમ્યાન ૬૭ સ્કૂલોમાં બાહ્ય મૂલ્યાંકન અને ૧૬૯ શાળાઓમાં શિક્ષકો દ્વારા સ્વમૂલ્યાંકન યોજાયું હતું.

ત્રિદિવસીય ગુણોત્સવના બીજા દિવસે રાજ્યના પોલીસ વડા શ્રી પી.સી. ઠાકુર તથા જિલ્લાના ચાર ધારાસભ્યો શ્રી શંભુજી ઠાકોર, શ્રી અમીતભાઈ ચૌધરી, શ્રીમતિ કામિનીબા રાઠોડ તથા શ્રી અશોક પટેલ અને ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા.

જિલ્લામાં આજે બીજા દિવસે ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર ગાંધીનગર તાલુકાના મગોડી ખાતે ગયા હતા. તો શ્રી અમીતભાઈ ચૌધરી માણસા તાલુકાના પડુસ્મા ખાતે અને શ્રીમતિ કામિનીબા રાઠોડ હરબજીના મુવાડા ખાતે ગુણોત્સવના કાર્યક્રમમાં જોડાયા હતા.

આજે બીજા દિવસે જિલ્લાની ૨૩૬ શાળાઓમાં ગુણોત્સવ યોજવામાં આવ્યો હતો. શનિવાર એ ગુણોત્સવનો અંતિમ દિવસ છે. જિલ્લાના અધિકારીઓ પણ આજે વિવિધ શાળાઓમાં ગુણોત્સવમાં જોડાયા હતા.

રાજ્યના પોલીસ વડા શ્રી પી.સી. ઠાકુર સે. ૧૩ના છાપરામાં ગુણોત્સવના કાર્યક્રમમાં જોડાયા હતા. જ્યાં હાજર રહેલ વિદ્યાર્થીઓએ અને વાલીઓએ શાળામાં સફાઈ સહિતની અન્ય કામગીરી તેમની પાસે કરાવવામાં આવતી હોવાની ફરિયાદ કરી હતી.

આજે જિલ્લામાં ગુણોત્સવ દરમ્યાન બાળકોના લેખન-ગણન-વાંચન દ્વારા બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. લોદરાની એક ગ્રાન્ટ ઈન એઈડ શાળામાં વિદ્યાર્થીઓએ લેખન-ગણન-વાંચનની કસોટીનો બહિષ્કાર કર્યો હોવાની વાત બહાર આવી છે. જોકે તેને સત્તાવાર સમર્થન પ્રાપ્ત થયું નથી.

ગાંધીનગર જિલ્લામાં હવે શનિવારે ૨૧૦ જેટલી શાળાઓમાં ગુણોત્સવ હાથ ધરવામાં આવશે.

# દહેગામ-માણસામાં ભાજપના નવા પ્રમુખોની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં ભાજપે આજે ત્રણ મંડલના પ્રમુખોની નિયુક્તી કરી સંરંચનાની કામગીરીને આગળ ધપાવી છે અને આગામી સપ્તાહમાં આ કામગીરી સંપન્ન થઈ જશે.

આજે જિલ્લા સંરચના અધિકારી શ્રી ભગવાનદાસ પંચાલે દહેગામ ખાતે કાર્યકરોની ઉપસ્થિતિમાં દહેગામ શહેર તેમજ દહેગામ તાલુકાના પ્રમુખોની સર્વાનુમતે વરણી કરવાની જાહેરાત કરી હતી.

દહેગામ તાલુકા ભાજપના પ્રમુખ તરીકે શ્રી બલરાજસિંહ ચૌહાણ, દહેગામ શહેર પ્રમુખ તરીકે શ્રી નાગજીભાઈ રબારી તથા માણસા તાલુકા પ્રમુખ તરીકે શ્રી લક્ષ્મણસિંહ રાઠોડના નામની જાહેરાત કરી હતી.

જિલ્લા પ્રમુખશ્રી નૈલેષભાઈ શાહ, મહામંત્રીશ્રી હિતેન્દ્રભાઈ પટેલ, નરેન્દ્રસિંહ ઝાલા, જિલ્લા સંરચના અધિકારીશ્રી અનિલભાઈ પટેલ, તાલુકા સંરચના અધિકારીશ્રી તેમજ શહેર સંરચના અધિકારીશ્રી, શહેર તાલુકાના પદાધિકારીશ્રીઓ તેમજ બુથ પ્રમુખ અને બુથમંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિપક્ષના નેતા શંકરસિંહજીના માતુશ્રી નાથુબા વાઘેલાનું દુઃખદ અવસાન




ગાંધીનગર, તા. ૮

વિધાનસભા વિપક્ષના નેતા અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી તથા ગાંધીનગર જિલ્લા ક્ષત્રિય સમાજના અગ્રણી શ્રી શંકરસિંહજી વાઘેલાના માતુશ્રી નાથુબાનું શુક્રવારે વહેલી સવારે સારવાર દરમ્યાન અવસાન થયું છે.

નાથુબાના અવસાનના સમાચાર વાયુવેગે જિલ્લામાં અને રાજ્યમાં પ્રસરતાં જ આગેવાનો તેમના વતન વાસન ખાતે પહોંચ્યા હતા. જ્યાંથી સ્વ. નાથુબાની અંતિમ યાત્રા નીકળી હતી અને સિદ્ધપુર સરસ્વતી નદીના પટ્ટમાં તેમનો દેહ પંચમહાભૂતમાં વિલીન થયો હતો.

૯૬ વર્ષની આયુ ધરાવતા નાથુબાને ૬ દિકરીઓ, ત્રણ પુત્રો હતા. અત્યંત માયાળુ અને સાલસ સ્વભાવ ધરાવતા નાથુબા છેલ્લા થોડાક દિવસથી બિમાર હતા અને સારવાર માટે એપોલો હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યાં વહેલી સવારે સારવાર દરમ્યાન તેમનું અવસાન થયું હતું.

સ્વ. નાથુબાના પાર્થિવદેહને હોસ્પિટલથી વસંત વગડે લઈ જવાયો હતો જ્યાં શ્રી શંકરસિંહ વાઘેલાએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. આ પછી પાર્થિવ દેહને વતન વાસન લઈ જવાયો હતો. જ્યાં સામાજિક, રાજકીય અને શૈક્ષણિક જગતના અગ્રણીઓએ પુષ્પાંજલિ અર્પી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ત્રણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ડેન્ગ્યુ માટે સૌથી વધુ સંવેદનશીલ

## આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના વિસ્તારમાં ૧૦૧ કન્સ્ટ્રક્શન સાઈટો ચાલે છે : કન્સ્ટ્રક્શન સાઈટને કારણે ડેન્ગ્યુના કેસોમાં વધારો તેવુ પોસ્ટર રજુ કરતા મેલેરિયા અધિકારી

ગાંધીનગર, તા. ૮

વર્ષ-૨૦૧૫માં નોંધાયેલા ડેન્ગ્યુના કુલ પોઝીટીવ કેસના ૫૮ ટકા કેસ કન્સ્ટ્રક્શન સાઈટો ધરાવતા વિસ્તારોમાં નોંધાયા છે.



આ તારણ આજે ગાંધીનગર ખાતે ચાલી રહેલ ઈન્ડિયન એસો. ઓફ પ્રિવેન્ટીવ એન્ડ સોશ્યલ મેડીસીનની રાષ્ટ્રીય પરિષદમાં પોષ્ટર દ્વારા ગાંધીનગર જિલ્લા મેલેરિયા અધિકારી સુશ્રી મમતા દત્તાણીએ રજુ કર્યું છે.

તેમણે દર્શાવ્યું છે કે જિલ્લાના ત્રણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આદરજ, ઉવારસદ અને સુઘડ એ ડેન્ગ્યુ માટે સૌથી વધુ સંવેદનશીલ જણાયા છે. આ કેન્દ્રોના વિસ્તારમાં ૧૦૧ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટો હાલમાં કાર્યરત છે.

આ પોસ્ટરમાં દર્શાવ્યા પ્રમાણે આ કન્સ્ટ્રક્શન સાઈટોના નિરીક્ષણ દરમ્યાન તંત્રને એક હજારથી પણ વધુ બ્રિડીંગ મળ્યા હતા તેમજ જે વેક્ટર પકડાયા હતા તે ડેન્ગ્યુના હતા. તેમણે એવુ પણ તારણ રજુ કર્યુ હતુ કે કન્સ્ટ્રક્શન સાઈટોને કારણે ડેન્ગ્યુના કેસોમાં વધારો થયો છે.

તેમણે રજુ કરેલા આ પોસ્ટરને આજે સારો પ્રતિસાદ સાંપડ્યો હતો તેમજ નિર્ણાયકોએ પણ તેમને આ વિચારને લઈ કરેલા સંશોધનને બિરદાવ્યું હતું.

તેમણે એવી ભલામણ કરી છે કે આ માટે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના ગ-માર્ગની ફુટપાથ ભ્રષ્ટાચારનો સ્માર્ટ ચિતાર

ગાંધીનગર તા ૮

શહેરના ગ માર્ગ આસપાસ ફુટપાથનુ નિર્માણ કરવામાં લાખો રૂપિયા પર પાણીઢોળ થઈ ગયુ છે. ફુટપાથની ગુણવત્તા વગરની કામગીરીને ધ્યાને લઈ જવાબદાર એજન્સીને છુટી કરી દેવામાં આવી છે. પરંતુ લાંબા સમયના અંતે પણ ફુટપાથની કામગીરી પુર્ણ થઈ શકી નથી. બીજીતરફ શહેરના પ્રવેશદ્વાર સમા ગ માર્ગના પ્રારંભથી જ તંત્રના ભ્રષ્ટ વહીવટનો ચિતાર મુલાકાતીઓને જોવા મળી રહયો છે. ફુટપાથ નિર્માણના કામમાં બિન્દાસ્ત રીતે વેઠ ઉતારી ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. ગ માર્ગ ની ફુટપાથની ટાઈલ્સો પણ ખખડે છે. માર્ગ મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ આ ભ્રષ્ટ વહીવટ પાછળ જવાબદાર અધિકારીઓ સામે પગલા લેવાની બદલે આંખ આડા કાન કરી રહયા છે. અકબાજુ મુખ્યમંત્રી શહેરને સ્માર્ટ સિટી બનાવવા ઉત્સુક છે. ત્યારે શહેરમાં થતા વિકાસ કામોમાં ભ્રષ્ટાચારે ભરડો લેતા શહેરીજનોમાં આક્રોશ પ્રવર્તયો છે.

## વોક-વે પર ખખડતી ટાઇલ્સો યથાવત સ્થિતિમાં : મુખ્યમંત્રી સ્માર્ટ સિટીની યોજનાને અનુલક્ષી વિકાસ કામોને વેગ આપવા ઉત્સુક પણ વિભાગના અધિકારીઓમાં હોતી હૈ ચલતી હૈ

શહેરમાં રોડ નેટવર્ક તેમજ ફુટપાથની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. ચકાચક માર્ગો આસપાસ ફુટપાથની આભા ઉભી કરવામાં આવી છે. પરંતુ ફુટપાથની જાળવણીના અભાવે ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. ફુટપાથની કામગીરીમાં ગુણવત્તા ન જળવાતા ઘણાં ઠેકાણે વોક વે મોર્નિંગ વોકર્સ તેમજ સિનિયર સિટિઝન્સ માટે જોખમી હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. શહેરીજનોને સુવિધા પુરી પાડવા સરકાર દ્વારા શહેરના રોડ નેટવર્કને અપગ્રેડ કરવા ઉપરાંત આસપાસ વોક વે માટે પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. અગાઉ ફુટપાથ માટે સર્વે હાથ ધરી

● અનુસંધાન પાન-૭ પર

ગતિશીલ ગુજરાત
सत्यमेव जयते
ગુજરાત સરકાર
स्वच्छ भारत मिशन
स्वच्छ भारत

આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ માણવા,
પધારો સૌ પતંગબાજી નિહાળવા !
આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૧૬

તારીખ : ૧૦ જાન્યુઆરી, ૨૦૧૬
સમય : સવારે ૮.૦૦ કલાકે
સ્થળ : સાબરમતી રિવરફ્રન્ટ, આશ્રમ રોડ, અમદાવાદ.

શ્રીમતી આનંદીબેન પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

શ્રી સૌરભ પટેલ
માનનીય મંત્રી, પ્રવાસન,
નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ

શ્રી જયેશ રાદડિયા
માનનીય રાજ્યકક્ષાના મંત્રી,
પ્રવાસન

શ્રી કમલેશ પટેલ
માનનીય અધ્યક્ષ,
ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ

International Kite Festival 2016

સંગીત સંધ્યા:
૧૧ જાન્યુઆરી, ૨૦૧૬ શ્રી સુરેશ વાડકર
૧૨ જાન્યુઆરી, ૨૦૧૬ શ્રી અમજદ અલી ખાન
૧૩ જાન્યુઆરી, ૨૦૧૬ શ્રી ઉદિત નારાયણ
દરરોજ સાંજે ૮-૦૦ કલાકે
નિઃશુલ્ક પ્રવેશ ગેટ નં. ૩, ૪, ૫ પરથી

Gujarat Tourism

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com